નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓનું સંખ્યાબળ (કેડર સ્ટ્રેન્થ) નક્કી કરવા બાબત.

**ગુજરાત સરકાર,**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : SJED/EOD/e-file/17/2023/2731/J,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૬ – ૧૦-૨૦૨૩.

**વંચાણે લીધા:-**

૧. આ વિભાગનો તા.૨૭-૦૧-૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૬/૫૭૦૪૩૪/જ.
૨. આ વિભાગનો તા.૦૬-૦૫-૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/0492/J.
૩. આ વિભાગનો તા.૨૪-૦૭-૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/0104/J.
૪. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો તા.૨૨-૦૮-૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૫/૧૬૪૮/૨૦૨૩/ક.

**આમુખ:**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૨૭-૦૧-૨૦૧૭ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની સમાજ કલ્યાણ અધિકારી અને તેવી સમકક્ષ વર્ગ-૨ની **કુલ-૪૯** નું સંખ્યા બળ (કેડર સ્ટ્રેંથ) નક્કી કરવામાં આવેલ છે.

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના તા.૦૬-૦૫-૨૦૨૩ના ઠરાવથી, ગુજરાત રાજ્યની ૦૭ મહાનગરપાલિકાઓ, અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જામનગર, ભાવનગર અને જુનાગઢની કચેરીઓ માટે સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨, ની **કુલ-૦૭** નવી જગ્યાઓનું મહેકમ ઉભુ કરવામાં આવેલ છે.

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના તા.૨૪-૦૭-૨૦૨૩ ના ઠરાવથી, અનુસૂચિત જાતિના જાતિ પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક (એક) રાજ્ય કક્ષાની ચકાસણી સમિતિની રચના કરવામાં આવેલ છે જેમાં, સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ ની **કુલ-૦૧** જગ્યા મંજૂર કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના તા.૨૨-૦૮-૨૦૨૩ના પત્રથી, ઉક્ત નવી મંજૂર થયેલ ૦૮(આઠ) જગ્યાઓનો ઉમેરો કરી સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ની કેડર સ્ટ્રેંથ કુલ-૫૭ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

## ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીની દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ની કેડર સ્ટ્રેંથ કુલ-૪૯ જગ્યાઓને બદલે નવી ૦૮ (આઠ) જગ્યાઓનો ઉમેરો કરી કુલ-૫૭ જગ્યાઓનું સંખ્યાબળ (કેડર સ્ટ્રેંથ) નીચેની વિગત મુજબ આથી નિયત કરવામાં આવે છે:-

| સંવર્ગનું નામ | કુલ સંખ્યાબળ | સીધી ભરતીના ફાળાની જગ્યાઓ | બઢતીના ફાળાની જગ્યાઓ |
|---|---|---|---|
| સમાજ કલ્યાણ અધિકારી, (વર્ગ-૨) | ૫૭ | ૧૯ | ૩૮ |

**૨.** આ વિભાગના તા.૨૫-૦૭-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : બઢત/૧૦૨૦૧૩/૭૮૪૨૬૬/જ, ની અન્ય બાબતો યથાવત રહેશે.

**૩.** આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સામાન્ય વહીવટ વિભાગની તા.૨૯/૦૯/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Vasava Dharmishthaben D
Reason: GR
Location: Ahmedabad, India
Date: 06-Oct-2023 (01:10 PM)

**(ધર્મિષ્ઠા વસાવા)**
**ઉપસચિવ**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ગુજરાત સરકાર**

**પ્રતિ,**

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગના રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સેવા) ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવ, (ક.ગ.૨), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાયબ સચિવશ્રી (બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (ગ-૫ શાખા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. - ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- શાખા પસંદગી ફાઇલ-૨૦૨૩.